For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

‘નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, મટકી ફૂટી, માખણ લૂંટાયું, ચાલ્યો કાનાનો જાદુ...’

■ શુક્રવારે જહાંગીરપુરાના ઈસ્કોન મંદિરથી માંડીને તમામ હવેલીઓમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન કૃષ્ણના શણગારની સાથે મોડીરાત સુધી સુરતીઓએ જન્માષ્ટમીની ઉજવણી કરી હતી. શનિવારે આખા સુરતમાં ઠેકઠેકાણે ‘મટકીફોડ’નો કાર્યક્રમ યોજાયો હતો. ભાગળ ચાર રસ્તા પર મટકીફોડ માટે માનવમહેરામણ ઉમટી પડ્યો હતો. (ત.: સતીષ)

પ્રથમવાર જિલ્લાકક્ષાના પક્ષ કાર્યાલયના ઉદ્ઘાટન માટે

પીએમ નરેન્દ્ર મોદી ૮મીએ નવસારી આવશે, તૈયારીનો ભારે ધમધમાટ

મોદી દ્વારા હાઈટેક ‘નમો કમલમ્’ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવશે

એસપીજી સુરક્ષા અને પથી ૬ હજાર આમંત્રિતો માટે વિશાળ ડોમની તૈયારીઓ અંતિમ તબક્કામાં

નવસારી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૮ સપ્ટેમ્બરના નવસારી પ્રવાસને લઈને શહેરમાં રાજકીય ગરમાવો અને વહીવટી ધમધમાટ બંને તેજ બન્યા છે. ગ્રીડ હાઈવે નજીક તૈયાર થયેલા હાઈટેક જિલ્લા ભાજપ કાર્યાલય ‘નમો કમલમ્’નું વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન થનાર છે. વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત તેઓ કોઈ જિલ્લા કક્ષાના પક્ષ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવા આવી રહ્યા હોવાથી ભાજપ સંગઠન માટે આ કાર્યક્રમ વિશેષ મહત્વનો બન્યો છે.

મોદીના આગમનને પગલે એસપીજી સહિતની સુરક્ષા ટીમો સક્રિય બની છે અને કાર્યક્રમ સ્થળ, હેલિપેડ તથા આસપાસના

...અનુસંધાન પાના 6 પર

મોદી આવવાના દિવસે કોર્ટ બિલ્ડિંગ બહાર અને આજુબાજુ વાહન પાર્કિંગ નહીં કરવા પોલીસની સૂચના

વડાપ્રધાનના તા. 8 સપ્ટેમ્બર, 2026ના સુરત પ્રવાસને ધ્યાનમાં રાખીને શહેરમાં સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા તમામ વકીલોને જાહેર અપીલ કરવામાં આવી છે. ટ્રાફિક શાખાની સૂચના મુજબ તા. 8 સપ્ટેમ્બર, 2026 સુધી કોર્ટ બિલ્ડિંગ બહાર મુખ્ય ગેટના ડિવાઇડર પાસે તેમજ કલેક્ટર બંગલાની બાજુના ગેટના ડિવાઇડર પાસે ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર વાહનો પાર્ક નહીં કરવા સૂચના આપવામાં આવી છે. વકીલોને પોતાના પક્ષકારો અને અન્ય લોકોને પણ આ અંગે જાણ કરી સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાના હિતમાં તમામ વકીલમિત્રોને સહકાર આપવા સુરત જિલ્લા વકીલ મંડળે વિનંતી કરી છે.

બહેન આવી પણ? સગીરાને નશો કરાવી પોતાના ભાઈને સોંપી દીધી!

સગીરાને જ્યારે દારૂ પીવડાવી નશો કરાવ્યો અને સિગારેટ પીવડાવી ત્યારે તેના ફોટા પાડી લીધા

બાદમાં ભાઈએ સગીરાને નશાયુક્ત ચોકલેટ ખવડાવીને દુષ્કર્મ કર્યું, આખરે પોલીસ ફરિયાદ કરાઈ

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં ૧૬ વર્ષીય સગીરા સાથે મિત્રતા કરાવી તેને નશો કરાવી વાંધાજનક ફોટા પાડી બ્લેકમેઇલ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. આ મામલે ઉત્રાણ પોલીસે ભાઈ-બહેન સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ભાઈ ભાવેશ મકવાણા અને મદદગારી કરનાર બહેનની ધરપકડ કરી છે.

ઉત્રાણ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાની આશરે પાંચ મહિના અગાઉ ભારતીબેન સાથે એક સાડીના શોરૂમમાં મુલાકાત થઈ હતી. ત્યારબાદ ભારતીબેને સગીરાને પોતાના ઘરે બોલાવી તેની સાથે નિકટતા કેળવી હતી. ગત ૮ જુલાઈના રોજ ભારતીબેને સગીરા સગીર વયની હોવાનું જાણવા છતાં તેની પોતાના ભાઈ ભાવેશ સાથે મિત્રતા કરાવી હતી. ત્યારબાદ મોટા વરાછા સ્થિત સુમન સહકાર આવાસના મકાનમાં સગીરાને દારૂ અને સિગારેટનું સેવન કરાવ્યું હતું. આ દરમિયાન તેના વાંધાજનક ફોટા પાડી લેવામાં આવ્યા હતા. આ ફોટાના આધારે સગીરા પર વારંવાર નશો કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. દરમિયાન ભાવેશે સગીરાને નશાયુક્ત ચોકલેટ ખવડાવી તેની મરજી વિરુદ્ધ શારીરિક અડપલાં કર્યા બાદ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તેના નગ્ન ફોટા પાડી વધુ ફોટા મોકલવા માટે દબાણ કરી બ્લેકમેઇલ કરવામાં આવતી હોવાનો પણ ફરિયાદમાં જણાવાયું છે. ઘટના અંગે પીડિત પરિવારે હિમત દાખવી ઉત્રાણ પોલીસ મથકનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે

...અનુસંધાન પાના 6 પર

સિત્તેર વર્ષ પહેલા સહકારીતાથી શરૂ થયેલી અને ટોચે પહોંચ્યા બાદ હવે ઘટતાં ઉત્પાદનથી ડાઉનફોલ

રાજકીય હસ્તક્ષેપથી સુગરના શેર ડાઉન

દક્ષિણ ગુજરાતની મોટાભાગની સુગર મિલો હાલમાં કપરા સમયમાંથી પસાર થઈ રહી છે

મેન્ડેટને કારણે ડિરેક્ટર પક્ષને વફાદાર રહે છે અને સુગરનો વહીવટ ખાડે પહોંચી ગયો

ગુજરાતમિત્ર વિશેષ

બારડોલીઃ દક્ષિણ ગુજરાતની આર્થિક જીવાદોરી સમાન ગણાતો સહકારી ખાંડ ઉદ્યોગ હાલ તેના ઈતિહાસના સૌથી કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે. એક સમયે જે સુગર મિલોએ ખેડૂતો માટે સમૃદ્ધિના દ્વાર ખોલ્યા હતા, તે જ મિલો આજે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે સંઘર્ષ કરી રહી છે. ઝડપી ઔદ્યોગિકરણ, ખેતીલાયક જમીનમાં થઈ રહેલો જંગી ઘટાડો, સહકારી માળખામાં વધેલો રાજકીય હસ્તક્ષેપ અને સરકારની અંકુશિત નીતિઓએ આ ઉદ્યોગની કમર તોડી નાખી છે. આ તમામ નકારાત્મક પરિબળોની સીધી અસર મિલોની આર્થિક સ્થિતિ પર પડી છે,

...અનુસંધાન પાના 6 પર

સરકાર ખાંડના ભાવ નિયંત્રણમાં રાખતી હોવાથી સુગરમિલોને વધુ ભાવ મળી શકતા નથી

બીજી તરફ, સરકારની નીતિઓને કારણે ખાંડના ભાવો મોટાભાગે નિયંત્રણમાં રહે છે, જેથી ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી શકતા નથી. હાલમાં ખાંડના ભાવમાં ઉછાળો આવ્યો છે અને છૂટક બજારમાં ખાંડનો ભાવ પ્રતિ કિલો અંદાજે ૬૦ રૂપિયાની આસપાસ ચાલી રહ્યો છે. આ ભાવ વધારાનો સીધો ફાયદો ખેડૂતોને થવાની સંભાવના હતી. જો કે, ભાવ કાબુમાં રાખવા માટે સરકાર દ્વારા સુગર મિલોને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આથી,

...અનુસંધાન પાના 6 પર

કઈ સુગરના મિલના ભાવ કેટલા તૂટ્યા

સુગર મિલ	ઓલટાઈમ હાઈ	હાલનો તૂટેલો ભાવ
બારડોલી સુગર	રૂ. ૧૫ લાખ	રૂ. ૬ લાખ
ચલથાણ સુગર	રૂ. ૨.૫૦ લાખ-૩ લાખ	રૂ. ૪૦,૦૦૦
કામરેજ સુગર	રૂ. ૩૦,૦૦૦	રૂ. ૫,૦૦૦
મઢી સુગર	રૂ. ૨૫,૦૦૦	રૂ. ૩,૦૦૦
સાયણ સુગર	રૂ. ૧ લાખ	રૂ. ૭૦,૦૦૦
મહુવા સુગર	રૂ. ૭૦,૦૦૦	રૂ. ૨૦,૦૦૦

જન્માષ્ટમીએ ‘મટકી ફોડ’નો પ્રસંગ ‘શરીરતોડ’ બન્યો, 5થી વધુને ઈજા

વિવિધ વિસ્તારમાં માનવ પિરામિડ બનાવતી વખતે પટકાતા માથા-મોઢાના ભાગે ઈજા થઈ

તમામને સ્મીમેરમાં સારવાર આપવામાં આવી

સુરતઃ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની સુરત શહેર અને જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ વિસ્તારોમાં મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા. જોકે, ઉત્સવના ઉમંગ વચ્ચે મટકી ફોડ દરમિયાન માનવ પિરામિડ પરથી પટકાવાના બનાવોમાં પથી વધુ ગોવિંદા ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જન્માષ્ટમી નિમિત્તે શહેરના ગલી-મહોલ્લા સહિત વિવિધ વિસ્તારોમાં મટકી ફોડના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મટકી ફોડવા માટે યુવકોની ટોળકીઓએ માનવ પિરામિડ બનાવ્યા હતા. આ દરમિયાન સંતુલન ગુમાવતા કેટલાક યુવકો અને કિશોરો નીચે પટકાયા હતા. પરિણામે તેમને માથા તથા મોઢાના

...અનુસંધાન પાના 6 પર

2000 કરોડના બોગસ આઈટીસી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર ગુજરાતી?!

મણીપુરની કંપનીના માલિક તરીકે મગનલાલ દેસાઈનું નામ સામે આવ્યું

ક્રેડિટ નહીં વાપરનારા સુરતના ભંગારના વેપારીઓ સામે DGGIની તપાસથી સવાલો

કૌભાંડીઓને ભાગવાનો મોકો મળતો હોવાની ચર્ચા

સુરતઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ વિભાગમાં ખળભળાટ મચાવી દેનાર રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુના મસમોટા બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડમાં એક અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. મણિપુરની જે શંકાસ્પદ કંપની દ્વારા આ હજારો કરોડો રૂપિયાની બોગસ આઈટીસી પાસઓન કરવામાં આવી છે, તેનો માલિક ગુજરાતી હોવાનું સામે આવ્યું છે.

આ પ્રકરણમાં અસલી માસ્ટરમાઈન્ડ અને મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવાને બદલે ડિપાર્ટમેન્ટ દ્વારા એવા વેપારીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે કે જેમણે

...અનુસંધાન પાના 6 પર

કૌભાંડના ઈરાદે ગુજરાતીએ મણીપુરમાં બોગસ કંપની ઊભી કરી હોવાની આશંકા

આ આખા પ્રકરણનું સૌથી મોટું કેન્દ્રબિંદુ બનેલી ‘સીતા એન્ટરપ્રાઇઝ’ કંપની અને તેના માલિકનું નામ અત્યંત શંકાસ્પદ છે. આ કંપની ઉત્તરપૂર્વના રાજ્ય મણિપુરમાં દર્શાવવામાં આવી છે, પરંતુ તેના માલિક તરીકે ‘મગનલાલ દેસાઈ’ નામનો ખુલાસો થયો છે. મણિપુર જેવા દૂરના રાજ્યમાં સંપૂર્ણપણે ગુજરાતી નામ ધરાવતી વ્યક્તિ માલિક હોય તે વાત સામાન્ય બુદ્ધિથી પણ ગળે ઉતરે તેવી નથી. જાણકારોના મતે,

...અનુસંધાન પાના 6 પર

એક ભંગારીયાએ ક્રેડિટ ભૂલથી જમા લઈ લીધી

મણીપુર સ્થિત ‘સીતા એન્ટરપ્રાઇઝ’ નામની પેઢીમાંથી રૂ. 2000 કરોડથી વધુની બોગસ આઇટીસી સુરતના પાંચ ભંગારના વેપારીઓના ખાતામાં જમા કરાઈ હતી. પાંચ પૈકી ચાર ભંગારીયાઓએ જમા આવેલી ક્રેડિટનો વપરાશ કર્યો નહોતો. જ્યારે એક ભંગારીયાએ

...અનુસંધાન પાના 6 પર

દુઃખદ અવસાન

અમારા માતુશ્રી
શોભનાબેન મહેન્દ્રકાંત ઠક્કર
શનિવાર તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ
શ્રીજી ચરણ પામ્યા છે.
સદ્‌ગતની અંતિમયાત્રા
રવિવાર તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના
રોજ **સવારે ૯-૦૦ કલાકે** અમારા
નિવાસસ્થાનેથી રામનાથ ઘેલા
સ્મશાનભૂમિ જશે.

સ્વ. શોભનાબેન
મહેન્દ્રકાંત ઠક્કર
સ્વ. તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬

નિવાસસ્થાનઃ ગોલ્ડન નેસ્ટ, વી.ટી. ચોકસી લો કોલેજની પાછળ, પાર્લે પોઇન્ટ, સુરત.

શોક મિલનઃ સદ્‌ગતનું શોકમિલન રવિવાર તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન આદર્શ હોલ, આદર્શ સોસાયટી, અઠવાલાઇન્સ, સૂરત ખાતે રાખવામાં આવ્યું છે.

-: શોકાતુર :-

હિમાંશુ મહેન્દ્રકાંત ઠક્કર
અરૂણા હિમાંશુ ઠક્કર
સાગર - ઇશિતા ઠક્કર
લીઓ-ઓરેન્જ
નંદિશ-વેણુ ઠક્કર
કેરૂપર

સ્મિતા સૌનિલ શાહ
સૌનિલ બિપીનભાઈ શાહ
સેજલ-વિવેક ગુમા
વેદાન અરનવ
આશના-રોહન લોડરીઆ
દિયા
ધર્મરાજ

દુઃખદ અવસાન – બેસણું

સ્વ. નિર્મલાબેન પરભુરામ વાણાવાલા
જ. તા. ૩૧/૦૧/૧૯૩૦ – સ્વ. તા. ૦૫/૦૯/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે શ્રીમતી નિર્મલાબેન પરભુરામ વાણાવાલા નું તા. ૦૫-૦૯-૨૦૨૬ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગત નું બેસણું તા. ૦૬-૦૯-૨૦૨૬ ને રવીવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
સ્થળઃ ધમણવાલા એ.સી. હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત
લિ. સ્વ. પરભુરામ ચુનીલાલ વાણાવાલા – પતિ
સ્વ. સુરેન્દ્ર પરભુરામ વાણાવાલા – પુત્ર
ચંદ્રવદન પરભુરામ વાણાવાલા – પુત્ર
જીજ્ઞેશ ચંદ્રવદન વાણાવાલા – પૌત્ર
ધૃતિમાન સુરેન્દ્ર વાણાવાલા – પૌત્ર
જયરાજ સુરેન્દ્ર વાણાવાલા – પૌત્ર
વનરાજ જીજ્ઞેશ વાણાવાલા – પૌત્ર
સ્વ. સુર્યકાંત ચીમનલાલ રોટલીવાલા – જમાઈ
નિલેશ કિરીટ મશરૂવાલા – જમાઈ
ચિત્રાંગ પિયુષ કાપડિયા – જમાઈ
દિયા – પ્રિયાંશ – જહાન
સ્વ. ગીતાબેન સુરેન્દ્ર વાણાવાલા – પુત્રવધુ
મધુકંતા ચંદ્રવદન વાણાવાલા – પુત્રવધુ
ઈવા જીજ્ઞેશ વાણાવાલા – પૌત્રવધુ
આશા ધૃતિમાન વાણાવાલા – પૌત્રવધુ
અનુશ્રી વનરાજ વાણાવાલા – પૌત્રવધુ
ગં.સ્વ. સુમીત્રાબેન સુર્યકાંત રોટલીવાલા – પુત્રી
જીમી નિલેશ મશરૂવાલા – પૌત્રી
ખુશાલી ચિત્રાંગ કાપડિયા – પૌત્રી
પૂજન ધૃતિમાન વાણાવાલા – પૌત્ર
દ્રષ્ટિ ધૃતિમાન વાણાવાલા – પૌત્રી

ક્ષત્રિય દુઃખદ અવસાન– બેસણું

સ્વ. નિર્મલાબેન પરભુરામ વાનાવાલા
જન્મ. તા. ૩૧-૦૧-૧૯૩૦ સ્વ. તા. ૦૫-૦૯-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી નિર્મલાબેન પરભુરામ વાનાવાલાનું તા. ૦૫-૦૯-૨૦૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણુંઃ- તા. ૦૬-૦૯-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે. બેસણાનું સ્થળઃ- ધમણવાલા એ.સી હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.
લિ. સ્વ. પરભુરામ ચુનીલાલ વાનાવાલા
સ્વ. સુરેન્દ્ર પરભુરામ વાનાવાલા
ચન્દ્રવદન પરભુરામ વાનાવાલા
જીજ્ઞેશ ચન્દ્રવદન વાનાવાલા
ધીતીમાન સુરેન્દ્ર વાનાવાલા
જયરાજ સુરેન્દ્ર વાનાવાલા
વનરાજ જીજ્ઞેશ વાનાવાલા
પૂજન ધીતીમાન વાનાવાલા
સ્વ.સુર્યકાંત ચીમનલાલ રોટલીવાલા (જમાઈ)
નીલેશ કીરીટભાઈ મશરૂવાલા(જમાઈ)
ચીત્રાંગ પીયુશભાઈ કાપડીયા (જમાઈ)
સ્વ. ગીતાબેન સુરેન્દ્ર વાનાવાલા
મધુકાન્તા ચન્દ્રવદન વાનાવાલા
ઈવાબેન જીજ્ઞેશ વાનાવાલા
આશાબેન ધીતીમાન વાનાવાલા
------ ------- -----
અનુશ્રી વનરાજ વાનાવાલા
દ્રષ્ટી ધીતીમાન વાનાવાલા
સુમીત્રાબેન સુર્યકાંત રોટલીવાલા (પુત્રી)
જેમીની નીલેશ મશરૂવાલા (પૌત્રી)
ખુશાલી ચીત્રાંગ કાપડીયા (પૌત્રી)
પ્રીયાંશ- દીયા- જહાન- કેતન- સુનીતા
તથા સમસ્ત વાનાવાલા પરિવાર

દુઃખદ અવસાન સંયુકત બેસણું

સ્વ. હસમુખભાઈ લખુભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૪-૦૯-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી હસમુખભાઈ લખુભાઈ પટેલનું તાઃ ૦૪-૦૯-૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુકત બેસણું સોમવારે તા. ૦૭-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.
સ્વ. લખુભાઈ છનિયાભાઈ પટેલ(પિતા) | સ્વ. મંછીબેન લખુભાઈ પટેલ(માતા)
સ્વ. લક્ષ્મીબેન હસમુખભાઈ પટેલ(પત્ની)
મનિષભાઈ હસમુખભાઈ પટેલ(પુત્ર) | ભૌતિકાબેન મનિષભાઈ પટેલ(પુત્રવધુ)
રિતેશભાઈ હસમુખભાઈ પટેલ(પુત્ર) | હેલિનાબેન રિતેશભાઈ પટેલ(પુત્રવધુ)
રિતેશભાઈ ગણપતભાઈ પટેલ(જમાઈ) | જીગીષાબેન રિતેશભાઈ પટેલ(પુત્રી)
કુંવર મનિષભાઈ પટેલ(પરપુત્ર) | મહેંદી હર્ષ પટેલ(પરપુત્રી)
જશ રિતેશભાઈ પટેલ(પરપુત્ર) | સ્વરા રિતેશભાઈ પટેલ(પરપુત્રી)
તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : ‘રાજ મહલ’, કાંઠા સ્ટ્રીટ, બેંક ઓફ બરોડાની સામેની ગલી, રૂંઢ મગદલ્લા, સુરત.

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

સ્વ. અ.સૌ. મીનાક્ષીબેન પ્રવિણચંદ્ર જરીવાળા
સ્વ. તા. ૦૬/૦૯/૨૦૨૨
મૃત્યુ સત્ય છે અને શરીર નશ્વર છે; એ જાણવા છતાં પણ આપણા પ્રિયજનના જવાનું દુઃખ થાય તે સ્વાભાવિક છે. આપણી વિદાયને ચોથું વર્ષ પૂર્ણ થયું છતાં અમારા હૃદયમાં તમે સાથે જ છો.
લી. શોકાતુર
પ્રવિણચંદ્ર બલવંતરાય જરીવાળા
ચેતન પ્રવિણચંદ્ર જરીવાળા | સેજલ ચેતન જરીવાળા
જનક પ્રવિણચંદ્ર જરીવાળા | કીશ્રા જનક જરીવાળા
હીના અનિલ જરીવાળા | અનિલ કાંતિભાઈ જરીવાળા
ભાવી, રીયા, વિશ્વા, જહાન, હેનલ, ચિરાગ
-:સૌજન્ય:-
Janak Synthetics
VELOX AUTOMATION makes sense

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. દિપકકુમાર જસવંતલાલ પંડયા
જન્મ તા. 28/05 /1962,
સ્વર્ગવાસ તા. 05/09/2026,
તિથિ : શ્રાવણ વદ નોમ
નામ પ્રમાણે જ ગુણ સાથે આપ હંમેશા રહા, કલ્યાણધામ ચેરિટેબલ ટ્રસ્ટ આપની પ્રેરક ધર્મ સેવાની નોંધ હંમેશા જાળવી રાખશે.
લિ. કલ્યાણધામ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત

૧૯ મી પુણ્યતિથિએ ભાવાંજલિ

સ્વ. વાસંતીબેન પ્રવિણભાઈ પટેલ
સ્વ.તા. ૦૬/૦૯/૨૦૦૭
માં તમને દેહ છોડયાને અઢાર વર્ષ પૂરા થયા છતાં ય તુ આસપાસ અનુભવાય છે, વાર તહેવારે તમારા સ્વભાવની સોડમ પથરાય છે, બસ તુ નથી એ દુઃખ આજે પણ એટલું જ છે, ઓગસીસમી પુણ્યતિથિએ તમને પરિવારના વંદન.
લિ.
પ્રવિણભાઈ ગાંડાભાઈ પટેલ
રૂપેશ પ્રવિણભાઈ પટેલ | રેશ્મા રૂપેશ પટેલ
તરૂણ પ્રવિણભાઈ પટેલ | ટર્વીકલ તરૂણ પટેલ
ભવ્ય, દિયા, હિદિક, આર્યન તથા સમસ્ત પરિવાર
સ્થળઃ ગો.ગો.સ્ટ્રીટ, રાધાકિષ્ણના મંદિર પાસે, ભીમપોર, બી-૨, ૧૦૦૨, સાંસ્કૃત એપા., રાજહંસ સિનેમાની બાજુમાં, પીપલોદ, સુરત

દુઃખદ અવસાન-સંયુકત બેસણું

સ્વ. હસમુખભાઈ લખુભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૪-૦૯-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવીશ્રી હસમુખભાઈ લખુભાઈ પટેલનું તાઃ ૦૪-૦૯-૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુકત બેસણું સોમવારે તા. ૦૭-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન નીચેના સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.
લી. શ્વસુર પક્ષ
અરૂણભાઈ ઠાકોરભાઈ પટેલ
મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલ
કોશલભાઈ અરૂણભાઈ પટેલ
જીમીભાઈ મુકેશભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : ‘રાજ મહલ’, કાંઠા સ્ટ્રીટ, બેંક ઓફ બરોડાની સામેની ગલી, રૂંઢ મગદલ્લા, સુરત.

દુઃખદ અવસાન બેસણું

સ્વ. રણજીતભાઈ મીઠાભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૪-૦૯-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા કુવાશ્રી રણજીતભાઈ મીઠાભાઈ પટેલનું તાઃ ૦૪-૦૯-૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું સોમવારે તા. ૦૭-૦૯-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.
લિ. વિજયભાઈ લીંબાભાઈ પટેલ
ઉત્કર્ષ વિજયભાઈ પટેલ
શાંતુભાઈ બાલુભાઈ પટેલ
પરેશભાઈ ગમનભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : આભવા ગામ લાયા ફળિયું.